ગાંધીનગર સમાચાર

**કેપિટલ રેલવે સ્ટેશનનું સ્થળ બદલવુ જરૂરી બન્યું છે**

# જિલ્લા કોંગ્રેસ સમિતિમાં ત્રણ પ્રવક્તાઓ નિમાયા

## પ્રવક્તા તરીકે અજીતસિંહ રાઠોડ, યાકુબ મનસુરી અને ગિરીશ રાવલની નિયુક્તી : સૂર્યસિંહ ડાભી

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિએ જિલ્લા સમિતિના પ્રવક્તા તરીકે ત્રણ યુવા અગ્રણીઓની નિયુક્તી કરી છે.

જિલ્લા પંચાયતના સદસ્ય શ્રી અજીતસિંહ રાઠોડ (અલુવા), શ્રી યાકુબબાઈ મનસુરી (ચિલોડા) અને શ્રી ગિરીશભાઈ રાવલની નિમણુંક જિલ્લાના પ્રવક્તા તરીકે કરવામાં આવી છે.

જિલ્લા કોંગ્રેસ પ્રમુખ શ્રી સૂર્યસિંહ ડાભીએ જણાવ્યું હતું કે સંગઠનના નવા માળખાની રચના પણ ઝડપથી કરવામાં આવશે. આ માટે પક્ષના વરિષ્ટ આગેવાનો સાથે તેમજ કાર્યકરો સાથે પરામર્શ ચાલી રહ્યો છે.

તેમણે જણાવ્યુ હતુ કે જિલ્લાકક્ષાએ પંચાયતોની ચૂંટણી માટે એક ખાસ વક્તાઓની પેનલ પણ બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ પેનલની ઘોષણા પણ કરી દેવામાં આવશે. આ વક્તાઓને પ્રદેશ સમિતિ દ્વારા ખાસ પ્રશિક્ષિત કરવામાં આવશે. આ વક્તાઓમાં મહિલા કાર્યકરોનો પણ સમાવેશ કરવામાં આવનાર છે.

તેમણે જણાવ્યું હતુ કે જિલ્લામાં સંગઠનને વધુ અસરકારક બનાવવા માટે હાલ પ્રવાસ અને બઠકો ગ્રામ્યસ્તરે ચાલી રહી છે.



**'ઈકો ફ્રેન્ડલી ગણપતિ'** - કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંચાલિત એસ.જી. ઈંગ્લીસ મીડીયમ સ્કુલ ખાતે બાળકોને માટીમાંથી કેવી કલાત્મક વસ્તુ બનાવી શકાય તે પ્રયાસ રૂપે ભગવાન ગણેશની મૂર્તિ બનાવતા શીખવવામાં આવ્યું હતું. ચારે તરફ ફેલાયેલા પ્રદુષિત વાતાવરણમાં ટકી રહેવા આવા પ્રકારની કલા બાળકોમાં ખીલે તે ખુબ જ જરુરી છે. શાળા પરિવારે તો સરાહનીય કાર્ય કર્યું જ છે. **(તસવીર : કશ્યપ નિમાવત)**

# ગુડા દ્વારા બે તબક્કામાં શુભ-લાભ આવાસોની ફાળવણી કરાશે

ગાંધીનગર તા ૪

ગુડાની શુભ લાભ આવાસ યોજના અન્વયે ચિલોડા તેમજ રાયસણમાં મોટાભાગની કામગીરી પૂર્ણ થઈ ગઈ છે. જયારે આગામી બે મહિનામાં આવાસોનો કબજો પણ લાભાર્થીઓને સોંપી દેવાશે. જયારે અડાલજના આવાસો અન્વયે બીજા તબક્કામાં અલબત્ત થોડા સમય બાદ મકાનોની ફાળવણી કરવામાં આવશે.

શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા ગુડા વિસ્તારમાં ઓછી આવક ધરાવતા પરિવારજનો માટે શુભ લાભ આવાસ યોજના તૈયાર કરવાનુ કામ ચાલી રહયુ છે. આ યોજના અન્વયે મોટાભાગના આવાસો તૈયાર કરી દેવાયા છે. જયારે બાકી કામગીરી પણ ઝડપથી પૂર્ણ કરી દેવા યુધ્ધના ધોરણે આખરી તબક્કાનું કામ ચાલી રહયુ છે. ગુડાની આવાસ યોજનાનુ કામ ઘણાં લાંબા સમયથી ચાલતુ હોવાથી અરજદારો પણ મકાનની ફાળવણી અલબત્ત કબજો મેળવવા માટે

### ચિલોડા અને રાયસણમાં આવાસ યોજના તૈયાર ટુંકમાં મકાનોનો કબજો સોંપવામાં આવશે

કચેરીમાં પૂછતાછ કરતા નજરે પડે છે. જો કે ગુડા દ્વારા પણ હવે ટુંકમાં જ આવાસોનો કબજો સોંપી દેવા તૈયારી દર્શાવવામાં આવી છે. હાલની સ્થિતિએ ચિલોડા રાયસણ તેમજ અડાલજમાં આવાસ યૌજનાનુ કામ પ્રગતિ હેઠળ છે. જેમાં આગામી દિવસોમાં ચિલોડા તેમજ રાયસણમાં આવાસોનો કબજો પ્રથમ તબક્કામાં સોંપી દેવાય તેવી શકયતા છે. આ ઠેકાણે આવાસોનુ ૯૦ ટકા જેટલુ કામ પુરુ કરી દેવાયુ છે. જયારે હાલ હાઉસ કીપીંગ તેમજ મીટર બોર્ડનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે. ગુડા દ્વારા આગામી બે મહિનામાં આવાસોનો કબજો લાભાર્થીઓને સોંપી દેવામાં આવશે. જયારે અડાલજના આવાસો પણ બીજા તબક્કામાં ફાળવી દેવાશે. ગુડાના મકાનોનો કબજો બે તબક્કામાં સોંપવામાં આવશે.

# સંસ્થાઓને ફાળવવામાં આવેલા ૪૭૯૧ મકાનો પૈકી ૫૦ જ ખાલી થયા

ગાંધીનગર તા ૪

ગાંધીનગરમાં સંસ્થાઓ તેમજ બોર્ડ નિગમના કર્મચારીઓને ફાળવવામાં આવેલા ૪૭૯૧ જેટલા મકાનો ખાલી કરી દેવા સંદર્ભે તંત્ર દ્વારા

### તંત્ર દ્વારા આવાસો ખાલી કરવા અગાઉ તમામને નોટીસ આપવામાં આવી હતી

આ તમામને નોટીસ આપી દેવામાં આવી છે. જયારે આ પૈકી માત્ર ૫૦ જેટલા કીસ્સામાં જ મકાનો ખાલી થયા હોવાનુ ધ્યાને આવ્યુ છે. જો કે સરકાર કક્ષાએ સંસ્થાઓને ફાળવવામાં આવેલા આવાસો સંદર્ભે મંજુરી આપવા આ મામલે પુનઃ વિચારણા હાથ ધરવામાં આવી હોવાનુ પણ મનાઈ રહયુ છે.

શહેરમાં સ્થિત વિવિધ કક્ષાના સરકારી આવાસો પૈકી ૪૭૯૧ જેટલા મકાનો વિવિધ સંસ્થાઓ ઉપરાંત બોર્ડ નિગમ તેમજ બેંક પોષ્ટ તેમજ શિક્ષણ સંસ્થાના કર્મચારીઓને ફાળવવામાં આવ્યા છે. જયારે શહેરમાં સરકારી આવાસો સંદર્ભે કર્મચારીઓની પ્રતિક્ષા યાદી મોટી હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. આવા સંજોગોમાં નિકાલ હેઠળના મકાનોની સંખ્યા પણ વિશેષ છે. જયારે રીનોવેશનના પ્રોજેકટ બાદ પણ સરકારી આવાસોની ઘટ પ્રવર્તી હોવાનુ સ્પષ્ટ થતા સરકારી કર્મચારીઓને મકાન ફાળવવાનુ શિરદર્દ સમાન બન્યુ છે. નિકાલ હેઠળના મકાનો તોડવાનુ કામ ચાલી રહયુ છે.ત્યારે સંસ્થાઓને ફાળવેલા મકાનો ખાલી કરવા થતા પ્રયાસોના અંતે માત્ર ૫૦ જેટલા આવાસો જ ખાલી થયા હોવાનુ પ્રકાશમાં આવ્યુ છે.

જયારે બીજીતરફ સરકાર કક્ષાએ આ આવાસો ખાલી કરાવવાના મામલે ફેર વિચારણા હાથ ધરવામાં આવી હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. તંત્ર દ્વારા આવાસોના કબજેદારોને નોટીસ આપવાની પ્રક્રીયા પૂર્ણ કરી દેવાઈ છે. ત્યારે આગામી દિવસોમાં આ મામલે માર્ગ મકાન વિભાગ દ્વારા કોઈ નવો નિર્ણય જાહેર કરવામાં આવે તેવી પણ શકયતા છે.

# રેલવે સ્ટેશનનું સ્થળ બદલવુ જરૂરી બન્યું છે

## મહાત્મા મંદિર બની જતા રેલવે સ્ટેશનને જોડતો માર્ગ બંધ થતા તે હાંસિયામાં ધકેલાયુ

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગરનું રેલવે સ્ટેશન દાયકાઓથી વિકાસ ઝંખી રહ્યું છે. મહાત્મા મંદિર બનતા ગાંધીનગરના રેલવે સ્ટેશનને જોડતો સીધો માર્ગ બંધ થઈ જતાં રેલવે સ્ટેશન જાણે હાંસિયામાં ધકેલાઈ ગયો છે. પાટનગરના વિકાસ અને નાગરિકોની સુવિધા માટે રેલવે સ્ટેશનને માર્ગ નં. ૩ પર વાવોલ નજીક ખસેડવામાં આવે તેવો સુર પાટનગરના વસાહતીઓ વ્યક્ત કરી રહ્યા છે.

ગાંધીનગરની સ્થાપના થયે વર્ષો વીતી ગયા છે પરંતુ આજે પણ ગાંધીનગરમાં રહેતા વસાહતીઓને પુછો કે ગાંધીનગરનું રેલવે સ્ટેશન ક્યાં આવ્યું તો મોટાભાગના લોકો રેલવે સ્ટેશનનું એકઝટ લોકેશન કયું છે તે કહી શકતા નથી. ગાંધીનગર શહેર વસાહત મહામંડળ અને શહેરની અન્ય સ્વૈચ્છિક સંસ્થાઓએ કેપીટલ રેલવે સ્ટેશનનો વિકાસ કરવાની અને અહીંથી પસાર થતી ટ્રેનોની સંખ્યા વધારવા માટે અસંખ્યવાર રજુઆત કરતાં પાછલા કેટલાક વર્ષોમાં ગાંધીનગરના રેલવે સ્ટેશનનો થોડો ઘણો વિકાસ થયો અને દિલ્હી-મુંબઈને જોડતી કેટલીક ટ્રેનોની અવરજવર આ રૂટ પરથી શરૂ થઈ. જો કે રેલવે સ્ટેશનને જોડતા સીધા માર્ગ પર જ વિશાળ મહાત્મા મંદિર

● અનુસંધાન પાન-૩ પર

## કેપિટલ સ્ટેશન તરફ જવાનો રસ્તો ખોવાયો

### ચોમાસામાં જળબંબાકાર અને ગાબડાગ્રસ્ત : કાચા રસ્તામાં લાઇટના અભાવે અંધારપટ્ટ વરસાદી પાણીનો પણ નિકાલ થતો નથી

ગાંધીનગરમાં રેલ્વે સ્ટેશનની હાલત મખમલના ગાલીચામાં ગાભાની ગોદડી સમાન બની છે.મહાત્મા મંદીર અસ્તિત્વમાં આવ્યા બાદ રેલ્વે સ્ટેશન તરફ જવાનો રસ્તો આમપણ જાણે ખોવાઈ ગયો છે.ત્યારે કાચા રસ્તામાં ચોમાસા દરમિયાન જળબંબાકાર થતા મુસાફરો માટે અવર જવર કરવાનુ પણ મુશ્કેલ બન્યુ છે. પરંતુ રસ્તાની સુધારણા માટેનુ કામ હાથ ધરાતુ નથી.

કેપિટલ રેલવે સ્ટેશન તરફ જવાનો માર્ગ હાલ આમ પણ શોધવો પડે તેવી સ્થિતિ છે. તેમાંય મહાત્મા મંદિર અસ્તિત્વમાં આવ્યા બાદ રેલવે સ્ટેશન જવાનુ જાણે ભુલભુલૈયા સમાન બન્યુ છે. કેપિટલ સ્ટેશન તરફ જવાનો માર્ગ વરસાદી ઋતુમાં સદંતર ઉબડ ખાબડ બન્યો છે. જો કે આ કાચા રસ્તામાં વરસાદ આવતા જ જળબંબાકારની સ્થિતિ સર્જાય છે. દાંડી કુટીર ઉંચાઈ પર હોવાથી આ વિસ્તારમાં વરસાદી પાણીનો ભરાવો વધુ થાય છે. જયારે આ વિસ્તારમાં લાઈટના અભાવે સાંજ ઢળતા જ અંધારપટ્ટ છવાતા સ્ટેશન તરફ જતા આવતા મુસાફરો તેમજ અન્ય રાહદારીઓને પણ દીશા સુઝતી નથી. ગત સપ્તાહમાં પણ સ્ટેશન તરફના આ માર્ગ પર ગાબડુ પડતા વિભાગના અધિક્ષક ઈજનેરે મુલાકાત લઈ સ્થિતિ ચકાસી હતી. કેપિટલ સ્ટેશન પર રોજની પાંચ ટ્રેઈનોની અવરજવર રહેતી હોવાથી મુસાફરોની અવર જવર પણ વિશેષ રહે છે. આવા સંજોગોમાં માર્ગની કફોડી હાલતના લીધે અંધારપટ્ટમાં તેમને દીશા ન સુઝે તેવી દયનીય હાલતમાં મુકાવવુ પડે છે.



ગાંધીનગર તાલુકાના લવારપુર ગામે આજે શાળા રમતોત્સવને જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી હીનાબેન પટેલે ખુલ્લો મુક્યો હતો. આ પ્રસંગે ધારાસભ્ય શંભુજી ઠાકોર સહિત ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## પંચાયત સેવા કર્મચારી મહામંડળના મહામંત્રી તરીકે દિલીપ દવે નિમાયા

ગાંધીનગર, તા. ૪

ગુજરાત રાજ્ય પંચાયત સેવા કર્મચારી મહામંડળના મહામંત્રી તરીકે સેવાઓ આપતા ગાંધીનગર જિલ્લાના શ્રી રસિકભાઈ પટેલ સેવા નિવૃત્ત થતાં તેમના સ્થાને જિલ્લા પંચાયત ગાંધીનગરમાં ફરજ બજાવતા કર્મચારી અગ્રણી શ્રી દિલીપભાઈ આર. દવેની નિમણુંક કરવામાં આવી છે.

આ ઉપરાંત ઉપપ્રમુખની પણ ખાલી પડેલ જગ્યા પર શ્રી કે.એમ. ભુવા (સુરેન્દ્રનગર)ની નિમણુંક કરવામાં આવી છે.

મહામંડળના સલાહકાર તરીકે સેવા નિવૃત્ત શ્રી રસિકભાઈ પટેલની નિમણુંક કરાઈ છે. ગાંધીનગર જિલ્લા પંચાયતના કર્મચારી અગ્રણી શ્રી દિલીપભાઈ દવેની નિમણુંકથી પંચાયતના કર્મચારીઓમાં આનંદની લાગણી પ્રસરી જવા પામી છે.


**બાયડ તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ પદે સતત ત્રીજી ટર્મ માટે નિયુક્ત થતાં**

**હાર્દિક અભિનંદન**



**એડવોકેટ અદેસિંહ એમ. ચૌહાણ**
પ્રમુખ
બાયડ તાલુકા કોંગ્રેસ સમિતિ
બાયડ જિ. અરવલ્લી

આગામી તાલુકા પંચાયત, જિલ્લા પંચાયતની ચૂંટણીઓમાં બાયડ તાલુકામાં કોંગ્રેસ જવલંત વિજય મેળવે તે માટે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ ભરતસિંહ સોલંકીના આદેશ, બાયડના ધારાસભ્ય મહેન્દ્રસિંહ વાઘેલાના અનુમોદનથી અરવલ્લી જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ પ્રતાપસિંહ ખાંટ એ બાયડ તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ તરીકે ક્ષત્રિય સમાજના આગેવાન, સંગઠનના માહેર, જાણીતા સીનીયર એડવોકેટ અદેસિંહ માનસિંહ ચૌહાણની સતત ત્રીજી ટર્મ માટે તાલુકા કોંગ્રેસ પ્રમુખ પદ માટે નિયુક્તિ થતાં તાલુકાના સૌ કાર્યકરોએ તેમની નિયુક્તિને આવકારી અભિનંદન પાઠવ્યા હતા.

**શુભેચ્છકો..**

મેલાભાઈ ગીરધરભાઈ પટેલ, તેનપુર (ઉપપ્રમુખ : અરવલ્લી જિલ્લા કોંગ્રેસ સમિતિ)
શંકરભાઈ નાથાભાઈ પટેલ, ભૂડાસણ (મહામંત્રી : અરવલ્લી જિલ્લા કોંગ્રેસ સમિતિ)
દિપસિંહ એચ. ઝાલા, નવાઉંટરડા (સદસ્ય : તાલુકા પંચાયત, બાયડ)
રામસિંહ પરમાર (સદસ્ય : તાલુકા પંચાયત, બાયડ)
બળદેવસિંહ એ. પરમાર, જીતપુર (પૂર્વ સદસ્ય : તાલુકા પંચાયત, બાયડ)
વિનુસિંહ શંકરસિંહ પરમાર (ઉપસરપંચ : વજેપુરા ગૃપ ગ્રામપંચાયત)
ખોડસિંહ પી. ચૌહાણ, લીંબ (ચેરમેન : લીંબ સેવા મંડળી)
રણજીતસિંહ એમ. ચૌહાણ (પૂર્વ સરપંચ : લીંબ ગ્રામપંચાયત) (ડિરેક્ટર : તાલુકા ખ.વે.સંઘ)
જશુભાઈ ટી. પટેલ (મહામંત્રી : બાયડ તાલુકા કોંગ્રેસ સમિતિ)
લાલાભાઈ ઠાકોર (સદસ્ય : આંબલિયારા ગ્રામપંચાયત)
ઉદેસિંહ બી. ઝાલા, જૂનાઉંટરડા
ડાહ્યાભાઈ એમ. ચૌહાણ, પાલડી
મુકેશભાઈ એન. પટેલ, જંત્રાલકંપા
ભારતસિંહ ડી. ચૌહાણ, ઘોડનાલ (સરપંચ : વજેપુરા ગૃપ ગ્રામપંચાયત)
દલપતસિંહ સી. ચૌહાણ, લીંબ (ઉપસરપંચ : લીંબ ગ્રામપંચાયત)
દીનુસિંહ ટી. ચૌહાણ (ડિરેક્ટર : લીંબ સેવા મંડળી)
તા. બાયડ જિ. અરવલ્લી

**REQUIRED**
STOCK MARKET LEADER FOR NEW OFFICE
• Equity/Commodity Dealer : 2 Post
• Front Office Asst : 1 Post
0 to 3 yrs experience.
Deserving candidate will get best salary package.
Walk with full CV.
F-13 & 14, Megh Malhar, Sec.11, Opp. CNG Pump, G'nagar.
M. : 9974703401
mail : bestboi123@gmail.com

**ભણતા-ભણતા કમાવવાની ઉત્તમ તક**
પાર્ટ ટાઈમ તથા ફુલ ટાઈમ જોબ સાથે કાયમી જોબ.
મીનીમમ ધો.૧૨ પાસ જરૂરી
સેલ્સમેન/સેલ્સ ગર્લ્સ જોઈએ છે
રૂબરૂ મળો
સવારે ૧૦ થી ૪ તા. ૭/૮/૧૫
દુકાન નં. ૧૧૭ થી ૧૨૪, સ્વાગત રેઈન ફોરેસ્ટ-II, સ્વામિનારાયણ ધામની સામે, ગાંધીનગર

**જોઈએ છે**
૧) એકાઉન્ટન્ટ આસીસ્ટન્ટ
બેન્કીંગ-એકાઉન્ટીંગ કામના જાણકાર
૨) ડ્રાઈનર કમ પ્યૂન
ધોરણ-૮થી વધુ ભણેલ બાયોડેટા સાથે રૂબરૂ મળો
સંપર્ક
સંગીનીતા ઈન્ડસ્ટ્રીઝ પ્રા. લી.
૩૦૧, શાલીન કોમ્પલેક્ષ, સેક્ટર-૧૧, ગાંધીનગર
તા. ૮/૮/૧૫, સમય ૧૧-૩૦ કલાકે

**કાર વેચવાની છે**
Premier Padmini (૧૯૯૧નું મોડલ)
GJ-1-7838 ડિઝલ એન્જીન, એક જ હાથે વપરાયેલ, જે તે હાલતમાં વેચવાની છે.
ફોન : ૦૭૯-૨૬૪૬૨૦૬૦

**હાર્દિક અભિનંદન**



**રાજેશ સીતારામ પંચોલી**
મેનેજીંગ ડીરેક્ટર
ગાંધીનગર દૂધ વાપરનારાઓની સહકારી મંડળી લી., ગાંધીનગર

આપની ગાંધીનગર દૂધ વાપરનારાઓની સહકારી મંડળીમાં ડીરેક્ટર તરીકે બિનહરીફ ચૂંટાઈ આવી મંડળીમાં મેનેજીંગ ડીરેક્ટર તરીકે વરણી થવા બદલ હાર્દિક અભિનંદન સહ ઉત્તરોત્તર પ્રગતિના શિખરો સર કરો તેવી અમારી શુભકામનાઓ...

શુભેચ્છક
વૈભવ એચ. જાની – અશોકા હોટલ
વૈભવ કે. જાની – સમર્પણ પરિવાર

**ઈશ્વરકૃપા ટાયર સર્વિસ**
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

**સેક્ટર 6D, સહીયર ગરબા ગ્રાઉન્ડ પર મોજ-મસ્તીનો ખજાનો એટલે**



ફોન : ૯૮૨૪૭૯૧૮૮૯
ફન પાર્ક
સમય : સાંજે ૫.૦૦ થી
સ્થળ : સેક્ટર 6D, સહીયર ગરબા ગ્રાઉન્ડ, વીટકોસ ડેપો પાસે, ગાંધીનગર.
પ્રવેશ ફી ફક્ત રૂ. ૧૦/- રાઈડ્સ રૂ. ૨૦/-
બાળકો માટે ખાસ રાઈડ્સનો આનંદ
ટોરાટોરા, જાયન્ટ વ્હીલ, ફીશબી, બ્રેક ડાન્સ તેમજ બીજી અન્ય રાઈડ્સ

SANGHI CEMENT · KisaN · ashirvad · VINAYAK 500 TMT BARS - ISI · BENELAVE BATH FITTINGS · DR.FIXIT · TATA STEEL • PIPES • SHEETS
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-3ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com